वर्ष : १५ सने : २०१९ सं.२०७५
अंक : ५, સળંગ અંક-૯૦ भादरवा-सप्टेम्बर

Published on Date 22 every month

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૧૫ સને ૨૦૧૯ સં.૨૦૭૫

અંક : ૫ ભાદરવા/સપ્ટેમ્બર સળંગ અંક-૯૦

**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ ચારિત્રરત્ન પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**

**જ્યોતીન્દ્રભાઈ જે. શાહ**

૩-બી, કંચનતારા એપાર્ટમેન્ટ,

જૈનનગર, સુવિધા શોપિંગ સેન્ટર પાછળ,

પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

ફોન : (R) 26650626

(M) 9824252978

**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ મહામંગલકારી શ્રી ઉપધાનતપ - ૨

★ પત્રપ્રેરણા

★ દાનધર્મ

★ અનુમોદનાનો અમૃતથાળ


## આર્ષવાણી

**नालिकेरसमाकारा,**

**दृश्यन्ते खलु सज्जनाः ।**

**अन्ये बदरीकाकारा,**

**बहिरेव मनोहराः ।।**

સજ્જન પુરુષો નારિયેળ જેવા અંદરથી અને બહારથી સુંદર આકારવાળા (સમાનવૃત્તિ - વર્તનવાળા) છે. દુર્જનો તો માત્ર બોરડી-બોરની જેમ બહારથી જ (મીઠું બોલવા દ્વારા) સારા ગણાય છે, મનોહર લાગે છે.

કૃતજ્ઞ એવા સ્વામી (માલિક) નો સંસર્ગ, ઉત્તમ સ્ત્રી સાથે પાણિગ્રહણ અને લોભ વગરની વ્યક્તિને મિત્ર બનાવે તે ક્યારેય ન સિદાય.





ગતાંકમાં આ વિષયક પ્રથમ લેખ વાંચ્યો- એમાં કેટલીક મહત્ત્વની વાતો ઉપધાન અંગે કરી હતી. આ અંકમાંય તે અંગેની કેટલીક જ્ઞાતવ્ય સારી વાતોનો વિચાર કરીએ. પૂજ્યપાદ ગુરુદેવશ્રીજીએ નોંધપોથીમાં તો ખૂબ જ ટૂંકમાં બ્યાન આપેલ છે. એ જ વાતોના ઊંડાણમાં જઈને એનાં રહસ્યો સુધી પહોંચવાનો પ્રયત્ન કરીએ. જેથી ઉપધાન કેટલાં મહત્ત્વનાં - આવશ્યક - જરૂરી છે ; એ સમજાશે. આ તપની ઉપેક્ષા તો ન જ કરાય. થોડી અગવડ ભોગવીને, સમય કાઢીને, પ્રતિકૂળતાઓને ગૌણ કરીને પણ ઉપધાનની આરાધના કરી લેવી; એ શ્રાવક - શ્રાવિકા માટે હિતકર છે.

એ જ રીતે ઉપધાન કરાવવાથી કેટલો લાભ થાય એ વાત સારી રીતે સમજાશે. ભૂતકાળમાં તો વ્યક્તિગત ઉપધાન કરાવાતાં હતાં. પોતે - પોતાની અનુકૂળતા - ગુરુભગવંતની અનુકૂળતા પ્રમાણે ઉપધાન કરી - કરાવી લેતા. આજકાલ મોટે ભાગે સામુદાયિકરૂપે આ આરાધના કરાવાય છે. તેથી ઉપધાન કરનારની સંખ્યામાં પણ સારો એવો વધારો થયેલો જોવા મળે છે. બાળકોને અનુકૂળ આવે તે માટે કેટલેક ઠેકાણે ઉનાળાના વેકેશનમાં ૯૯ યાત્રાની જેમ ઉપધાનાદિ કરાવવામાં આવે છે. એમાંય બાળકો - યુવાનો સારી સંખ્યામાં જોડાય છે. અલબત્ત, એની આલોચના - પ્રાયશ્ચિત્ત કરનારાની સંખ્યા ઓછી થતી હોય એવું જોવા મળે છે. એ અંગેની વાતો પણ વિચારીશું.

**- આ.વિ. ભવ્યદર્શનસૂરિ**

ઉપધાન કરવા માટે શક્ય હોય તો થોડા દૂર પ્રદેશમાં જવું, જેથી સગા-વહાલાંને મળવા આવવાની ઝંઝટ ન રહે. આરાધકનું મન આરાધનામાંથી વિરાધના તરફ ન વળી જાય. તેની આરાધનામાં - ધર્મધ્યાનમાં વિઘ્ન ઊભું ન થાય. મન વિચલિત ન થઈ જાય. નાનાં બાળકોને ઘર વગેરેની યાદ ન આવે. (જો કે ખાસ અપવાદ સિવાય આઠ વર્ષથી નાનાં બાળકોને ઉપધાન ન કરાવવાં જોઈએ. હજી એ બાળક રમતિયાળ - કુતૂહલપ્રિય હોય.... ક્રિયાનું જ્ઞાન કે ક્રિયાના સંસ્કાર ન હોય... ગંભીરતા - પરિપક્વતા ન હોય... એટલે ઉપધાન જેવી ખૂબ જ મહત્ત્વની ક્રિયામાં ગરબડ થવાની પૂરી શક્યતા હોય છે - રહે છે. દોડાદોડ વગેરે કરવાના કારણે જયણા વ્યવસ્થિત ન પાળી શકે. ઊંઘવાના કારણે ક્રિયા પરિપૂર્ણ ન કરી શકે. ઉપયોગ ન રહેતો હોવાથી - અભ્યાસ (પ્રેકટીસ) ન હોવાના કારણે ઘણી વાતો ભૂલી જાય... આવા ઘણા મુદ્દા વિચારવા યોગ્ય છે.)

માત્ર ને માત્ર રોજની ક્રિયામાં પૂર્ણ ઉપયોગવાળા બનીને તમામ સાધના કરવી

જોઈએ. શક્ય હોય ત્યાં સુધી (થોડી પ્રતિકૂળતા વેઠીને પણ) ઊભા ઊભા જ ખમાસમણ - કાઉસ્સગ્ગ - પ્રતિક્રમણ વગેરે તમામ ક્રિયાઓ કરવી જોઈએ. એ માટે શરીર અને મનને સમજાવી દેવાનું.... મનાવી લેવાનું.... જરૂર પડે ગધેડાની ગણાતી જાત જેવી કાયાને ડફણાં મારીને એની પાસેથી કામ લેવાનું.

શક્ય હોય, શક્તિ પહોંચતી હોય તો મૂળવિધિથી ઉપધાન કરવાં જોઈએ. એમાં ઈન્દ્રિયો ઉપર વધુ સંયમ કેળવાય છે. દોષો ઘણા ઓછા લાગે છે. અપ્રમત્તતા વધારે કેળવાય છે. આળસને સ્થાન પ્રાપ્ત થતું નથી. ઉત્સર્ગમાર્ગને પુષ્ટિ મળે છે. મૂળમાર્ગની આરાધનાનો લાભ થાય છે. મૂળ માર્ગ જીવતો રહે છે. આવા કારણે કાયાને પડતું કષ્ટ મહાલાભનું કારણ બને છે. અન્ય જીવોને ઊંચું આલંબન મળે છે. કર્મની નિર્જરા વધારે થાય છે. સત્ત્વ ઝળકે છે. પોતાની શક્તિનું માપ નીકળે છે. મનની નબળી વૃત્તિ ઉપર નિયંત્રણ મુકાય છે, આત્મામાં વિશેષ ગુણોનું આધાન થાય છે. ઘણીવાર શરીર સશક્ત હોવા છતાં મન આપણને નબળું પાડવાનો પ્રયત્ન કરે છે ; માટે મનનું બધું ન સાંભળવું, ન સ્વીકારવું.... માત્ર મનના કહ્યા પ્રમાણે ન ચાલવું. મનનું માનવાથી ઘણીવાર નફાની જગ્યાએ નુકશાન થાય છે.

શ્રીજિનેશ્વરદેવની આજ્ઞાના અણીશુદ્ધ પાલનથી તીર્થંકરનામકર્મ સુધીના પુણ્યબંધનો લાભ થાય છે. ભાવોની વૃદ્ધિ થાય છે. સમજના કારણે ક્રિયા ઉપર અને પરમાત્માથી લઈ શાસ્ત્ર અને શાસ્ત્રકાર ભગવંતો ઉપર વિશેષ બહુમાનભાવ પોતાના દિલમાં જાગ્રત થાય છે. ધર્મ કરવા માટે યાકિની મહત્તરાસૂનુ શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ પંચસૂત્રની ટીકામાં ત્રણ શરતો મૂકી છે, તેનું સુંદર પાલન થાય છે. ૧. સવિધિ ૨. સતત ૩. સાદર : આ ત્રણે શરતો સાથે ધર્મ કરવામાં આવે તો અપૂર્વ નિર્જરા સાથે જીવ મોક્ષતરફ શીઘ્ર આગળ વધે છે. સમ્યગ્દર્શન વધુ ને વધુ વિશુદ્ધ બનતું જાય છે. જ્ઞાનનો ક્ષયોપશમ પ્રગટે છે. ચારિત્રમોહનીયકર્મ ખપે છે. ચારિત્ર પ્રાપ્ત થયેલું હોય તો એ ચારિત્રનો પ્રકર્ષ થાય છે. ગુણ - ગુણસ્થાનકમાં પ્રગતિ થાય છે. સતત અભ્યાસ થવાના કારણે આત્મામાં તે તે ક્રિયાઓના સંસ્કાર દૃઢ બને છે. વિધિનો અનુરાગ એ સાચા આરાધકભાવનું લક્ષણ છે. આદર - બહુમાનના કારણે ક્રિયા તો ગમે જ. પરંતુ ક્રિયા બતાવનાર પર વિશેષ ભક્તિભાવ ઊછળે છે. એનાથી જીવ ભાવ-ધર્મનો વિશેષ આરાધક બને છે. કમાણી દેખાવાના કારણે પ્રમાદ - આળસને અવકાશ મળતો નથી.. આ અપ્રમત્તતા મન - વચન - કાયાનું એકત્રીકરણ કરે છે. ત્રણે ભેગા મળીને થતી - કરાતી ક્રિયા - સાધના જલદી પરિણામ આપે છે. એનું રિઝલ્ટ પોઝિટિવ્હ હોય છે. સિદ્ધિ શીઘ્ર પ્રાપ્ત થાય છે.



**ઉપધાનમાં મંગલપ્રવેશ :** ઉપધાનમાં પ્રવેશ કરતાં પહેલાં ઓછામાં ઓછા ૮-૧૦ પૌષધ જાણકારની સાથે કરી લેવા જોઈએ ; જેથી પૌષધની ક્રિયા - નિયમોનો ખ્યાલ આવી જાય. અવિધિ કે દોષો ; અજાણતાંય ન લાગી જાય. સામાયિક - પૌષધના દોષોની જાણકારી મેળવી લેવી. ખમાસમણ - વાંદણાં વગેરેમાં આવતાં સંડાસા - આવર્ત વગેરેની માહિતી લઈ લેવી. તે તે ક્રિયાનાં સૂત્રો ગોખી લેવાં. વિધિનો અભ્યાસ કરી લેવો. શક્ય હોય તો તમામ સૂત્રના, ન હોય તો લોગસ્સ, ઈરિયાવહિયં નમુત્થુણં... જેવાં મહત્ત્વનાં સૂત્રોના અર્થ કરી લેવા. પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ સ્વરૂપ અષ્ટપ્રવચનમાતાનું જ્ઞાન ખાસ મેળવી લેવું. પંચાચારનો પરિચય પ્રાપ્ત કરી લેવો. ક્રિયાની વિશુદ્ધિ માટે આ બધું જરૂરી છે. નિત્યની આરાધનાથી ટેવાયેલા જીવોને આ બધું આસાન થઈ જાય છે. નવા નવા જીવો માટે આ તમામ ચીજો જરૂરી છે. જયણામાં - જીવદયામાં સહેજ પણ ઉપેક્ષાભાવ ન આવવા દેવો. જીવદયા તો ધર્મરૂપી પુત્રને જન્મ આપનારી 'માતા' છે.

સામાયિક - પૌષધમાં જીવ સાધુ - શ્રમણ જેવો ગણાય છે. માટે શ્રમણોની જેમ જીવદયા - ક્રિયા - યતના - ઉપયોગ - અપ્રમત્તતા - પાપભીરુતા વગેરેને જીવનમાં વણી લેવાનાં છે, ઉતારવાનાં છે. ઉપધાન દરમિયાન મન - વચન - કાયાને ઈચ્છા સાથે નહીં, જિનાજ્ઞા સાથે જોડીને રાખવાં. નિશ્રાદાતા ગુરુદેવને પૂછ્યા વગર કોઈ જ પ્રવૃત્તિ ન કરવી. સ્વતંત્રતાને ક્યાંય અવકાશ ન મળી જાય તેની ખૂબ તકેદારી રાખવી.

ચાલવા - બેસવા - ઊઠવા વગેરેમાં ઈર્યાસમિતિનો, બોલવામાં ભાષાસમિતિનો, વસ્તુ (ખાવા-પીવાદિની સામગ્રી) પ્રાપ્ત કરવામાં એષણા સમિતિનો કોઈપણ ચીજ-વસ્તુ લેવા - મૂકવામાં પૂંજવા - પ્રમાર્જવા સ્વરૂપ આદાન - ભંડ - મત્ત - નિક્ષેપણા સમિતિનો તથા બિનજરૂરી વસ્તુનો પરિત્યાગ કરવામાં અને સ્થંડિલ - માતરું વગેરેનો નિકાલ કરવામાં પારિષ્ઠાપનિકા સમિતિનો સુયોગ્ય ઉપયોગ કરવાનો હોય છે. તે જ રીતે મન - વચન - કાયાનો નિરર્થક ઉપયોગ ટાળવા સ્વરૂપ ગુપ્તિનું પાલન કરવાનું હોય છે. આ અષ્ટપ્રવચનમાતાનું જ્ઞાન ઉપધાનમાં પ્રવેશ કરતાં પહેલાં જ લઈ લેવું જોઈએ.

આગળ (પ્રથમ લેખમાં) જણાવ્યા મુજબ કાઉસ્સગ્ગના ૧૯ દોષ, ગુરુવંદનના ૩૨ દોષ, ગુરુની ૩૩ આશાતના, જિનમંદિર સંબંધી ૧૦-૪૦-૮૪ આશાતના - દોષોથી બચવાનું છે. જ્ઞાનાચાર આદિ પંચાચારમાં (જ્ઞાનાચાર - દર્શનાચાર - ચારિત્રાચાર - તપાચાર - વીર્યાચાર ) કોઈપણ અતિચાર (ડાઘ) ન

લાગી જાય તેનું લક્ષ રાખવાનું છે. પંચાચાર - પાંચ સમિતિ - ત્રણ ગુપ્તિ વગેરે તો પાયો છે. પાયો મજબૂત હોય તો જ ઈમારત સારી - ટકાઉ - મજબૂત બની શકે. નબળા પગવાળો લાંબો સમય ઊભો ન જ રહી શકે ને ? પાયો મજબૂત હોય તો ૪૭-૩૫-૨૮ દિવસ સુધી ધર્મના ભાવો ટકી શકે, વૃદ્ધિ પામી શકે. આરાધનાના તમામ યોગો પ્રાણવંતા રહી શકે. દરેક યોગોને બળ આપનાર આ પંચાચાર વગેરે જ છે.

મન - વચન - કાયાના યોગો, પાંચ ઈન્દ્રિયો વગેરે ચંચળ - ચપળ છે. દોડવાના સ્વભાવવાળા છે. પરંતુ તે ઉન્માર્ગ કે ઉત્સૂત્રના માર્ગે ન જાય કે તેને પુષ્ટ કરનાર ન બને તેની સતત સાવધાની રાખવાની છે. જરૂર વગર કે પાપના માર્ગે તે ન પ્રવર્તે તેનું ધ્યાન રાખવાનું છે. તે માટે રાત-દિવસ જાગ્રત રહેવાનું છે. મન - વચન - કાયાના ૧૫ યોગોમાં શુભાશુભપણાનું પૃથક્કરણ કરી, અશુભમાંથી નિવૃત્તિ અને શુભમાં પ્રવૃત્તિશીલ બનવાનું છે. એમાંય સૌથી વધારે અશુભ મનોયોગથી બચવાનું છે. મન અત્યંત ચંચળ છે. ગમે ત્યાં ભટકવાનો તેનો અનાદિકાળનો અભ્યાસ છે, કુટેવ છે. એ કુટેવને આધીન બનવાનું નથી. નીવિ - આયંબિલ આદિ કરવાના સમયે, ઉપવાસમાંય ઠંડા પાણી વગેરેની લાલસામાં આહારસંજ્ઞા અને રસના ઈન્દ્રિય જીવને ઠગી ન જાય.... માત્ર શરીરને ભાડું આપીને એની પાસેથી ધર્મપુરુષાર્થરૂપ કાર્ય લેવાની વાતની જગ્યાએ એ સંજ્ઞા અને ઈન્દ્રિય (અને મન) આડા - અવળા પાટા પર જીવને ઘસડી ન જાય તે માટે વિશેષ જ્ઞાનોપયોગવાળા બની બચવાનું છે. કાચી સેકંડમાં જીવને ઉપરથી નીચે પાડવાની આ સંજ્ઞા - ઈન્દ્રિયોમાં અને મનમાં તાકાત છે. ક્યારેય એને પરવશ બનવાનું નથી, આધીન થવાનું નથી.

આ બધી તાલિમ - પ્રેક્ટીસ, અને તૈયારી ઉપધાનમાં પ્રવેશ કરતાં પૂર્વે જ કરી લેવાની છે. જેથી એ દિવસોમાં (ઉપધાનમાં) જીવ ઠગાઈ ન જાય. તત્ત્વાર્થનું 'અભિક્ષ્ણં જ્ઞાનોપયોગઃ' સૂત્ર ધ્યાનમાં રાખવાનું છે. સતત જ્ઞાનોપયોગ - વિશેષ ઉપયોગમાં જ રહેવાનું છે. જ્ઞાનોપયોગ એ અજવાળું છે. એની ગેરહાજરીમાં અધારું છે. અંધારામાં જીવ વારંવાર અથડાય છે. દોષો - પાપોથી ઘાયલ થાય છે. પછી એને સાજો - સ્વસ્થ બનાવતાં નવ નેજે પાણી ઊતરે છે. કંઈ - કેટલાંય વર્ષો કે ભવો કરવા છતાં ઠેકાણું પડતું નથી.

જરૂર કરતાં વધારે કપડાં - ઉપકરણો ન રાખવાં. બિનજરૂરી પરિગ્રહ ન કરવો. રાખેલાં તમામ કપડાં વગેરેનું બન્ને ટાઈમ પડિલેહણ કરવાનું હોય છે. બાંધીને મૂકી ન રખાય. સીવેલાં કપડાં વગેરે ન રાખવાં - ન પહેરવાં. થેલા - થેલી



વગેરે ન રાખવા. ઉપધિ વિંટાળવા કે બાંધવા માટે એક ચોરસ સફેદ બંધન (ચોરસ ટુકડો) રાખવો. જેથી તેનું પડિલેહણ પણ થઈ શકે અને ઉપધિ પણ વ્યવસ્થિત રહે. (ઉપધિનો સંવર સચવાય) પડિલેહણ માટે મુહપત્તિના ૫૦ બોલ મોઢે કરી લેવા. મુહપત્તિ તથા તમામ વસ્ત્રો, ઉપકરણો વગેરેનું પડિલેહણ કઈ રીતે કરવું તે વ્યવસ્થિત શીખી લેવું. એમાં વસ્ત્રનાં અક્ખોડા - પક્ખોડા કઈ રીતે કરવા; તે સમજી લેવું. દરેકમાં પૂંજવા - પ્રમાર્જવાની વિધિનું જ્ઞાન પ્રાપ્ત કરી લેવું. બારી - બારણાં વગેરે ઉઘાડવા - બંધ કરવામાં દૃષ્ટિ પડિલેહણ - પ્રમાર્જન વગેરેરૂપ જયણા સાચવવી.

આદેશ માગ્યા પછી, ગુરુભગવંત પાસેથી યોગ્ય જવાબ મળ્યા પછી, ક્યાં તહત્તિ - યથાશક્તિ - ઈચ્છં - ઈચ્છામો અણુસટ્ઠિં- ઈચ્છં, તસ્સ મિચ્છા મિ દક્કડં વગેરે જવાબ આપવા ( તે તે વાતનો કયા શબ્દોમાં, ક્યાં સ્વીકાર કરવો) તે જાણી લેવું અને એ પ્રમાણે જવાબનો વિનયપૂર્વક સ્વીકાર કરવો. પડિલેહણ બાદ કાજો લેવાની, સુપડીમાં ભરવાની, તપાસવાની, પરઠવવાની વિધિનું જ્ઞાન મેળવી લેવું. સ્થંડિલ - માતરું કઈ રીતે જવું..... ત્યાં, ક્યાં - કઈ સાવધાની રાખવી ? અણુજાણહ - જસ્સુગ્ગહો.... વોસિરે વગેરે ક્યાં - કઈ રીતે બોલવું; તે પણ જાણીને, તે રીતે બોલવાનો ઉપયોગ રાખવો. માતરાના વાડકા - માતરું ૪૮ મિનિટમાં સુકાઈ જાય તેનો ઉપયોગ રાખવો. માતરાના વાટકા (કુંડી) સાવ ઊંધા ન મૂકવા. સ્થંડિલ માટે બહાર શુદ્ધભૂમિનો જ આગ્રહ રાખવો. વાડાનો ઉપયોગ ન છૂટકે જ કરવો. (વાડામાં દોષ ઘણો લાગે છે.)

પૌષધનાં ઉપકરણોમાં કટાસણું - મુહપત્તિ - ચરવળો વગેરે પોત-પોતાના માપથી તૈયાર કરી - કરાવી લેવાં. તેના પર એમ્બ્રોઈડરી વગેરે કોઈ જ વર્ક ન કરાવવું. અથવા એવું ન વાપરવું. સ્થંડિલ - માતરાના વાડકા અક્ષર વગરના લાવવા. અક્ષર હોય તો કાઢીને પછી જ ઉપયોગ કરવો. કાળ વખતે ઓઢવાની કામળી ગરમ (વુલન) રાખવી. કોટન વગેરેની ન લેવી. પૂંજવા - પ્રમાર્જવા માટે યોગ્ય પૂંજણી - દંડાસણ, ચરવળી વગેરે તૈયાર કરાવી લેવાં. દંડાસણ દરેકનું સ્વતંત્ર હોવું જોઈએ. જેથી પડિલેહણ સમયે, રાત્રિ વગેરેમાં અંધારાના ટાઈમે પ્રમાર્જવા માટે બીજાનું માંગવું ન પડે. અથવા પ્રમાર્જવાની ક્રિયા રહી ન જાય. પાણી લાવવા-કાઢવા વગેરે તમામ કાર્યો જાતે કરવાની તૈયારી રાખવી. માણસો પાસે ન કરાવવાં કારણ, માણસો જયણા ન સમજે - ન પાળે - એ દોષ પૌષધવાળાને લાગે છે. બહેનોએ ઉપધાનના પ્રવેશ પૂર્વે માથામાં તેલ ન નાખવું, નાંખવું જ હોય તો લીંબોળીનું નાખવું, જેથી જૂ-લીખની ઉત્પત્તિ ન થાય. છતાં જૂ થાય તો જાણકાર સાધ્વીજી

ભગવંતની સલાહ લઈ જયણા કરવી અને પ્રાયશ્ચિત્ત લેવું.

પ્રવેશના આગલા દિવસે ઉત્તર-પારણામાં દબાવીને ન વાપરવું. 'વધારે વાપરવાથી શક્તિ જળવાય' આ માન્યતા ખોટી છે, એમ કરવાથી તો અજીર્ણ વગેરે થવાથી બીમારી આવે છે. શરીરમાં આળસ પેદા થાય છે. ઝાડા વગેરે થાય છે. વિધિમાં જણાવ્યા મુજબ ચોખા - રૂપિયા - શ્રીફળ વગેરે સામગ્રી તૈયાર કરી દેવી. સવારે સમયસર પ્રતિક્રમણ - પડિલેહણા વગેરે કરી યોગ્ય શુદ્ધ વસ્ત્રોમાં નાણ સમક્ષ હાજર થઈ જવું. મહામંગલકારી પ્રદક્ષિણા ઊછાળતા ભાવે દેવી. આખા ઉપધાનનું આ મહામંગલ છે. ભાવોલ્લાસમાં આંચ ન આવવા દેવી. દિન-પ્રતિદિન ભાવોમાં ભરતી આવવી જોઈએ. શ્રીજિનેશ્વરપરમાત્માનો અને પૂ.ગુરુભગવંતોનો ખૂબ જ વિનય કરવો. જૈન શાસનમાં વિનયને તમામ ગુણોનું મૂળ ગણાવેલ છે. તે ઉપધાનમાં પ્રવેશ એટલે તે તે સૂત્રના ઉદ્દેશની ક્રિયા છે. માળ સમયે સમુદ્દેશ - અનુજ્ઞા થાય છે. ઉદ્દેશામાં તે તે સૂત્રનો પ્રારંભ કરાવાય છે. સમુદ્દેશમાં એનું સ્થિરીકરણ થાય છે. અનુજ્ઞામાં ભણવા - ભણાવવાની આજ્ઞા મળે છે. દરેકમાં સાત - સાત ખમાસમણાં અને કાઉસ્સગ્ગ કરવામાં આવે છે. નાણ એ સમવસરણનું પ્રતીક છે.

સ્નાત્રમાં વપરાય તે મેરુપર્વતનું પ્રતીક છે. તેમાંય મેરુના ત્રણ કાંડ (સૌમનસ વગેરે) હોય છે, તેમ સમવસરણમાં ત્રણ ગઢ (કિલ્લા) હોય છે. હાલ મોટે ભાગના લોકો આ ભેદ સમજતા નથી. સ્નાત્ર માટે સમવસરણના આકારવાળા ત્રણ ગઢ બનાવી દે છે. હકીકતમાં સ્નાત્ર માટે મોટુપર્વત જેવો આકાર બનાવી તેના ત્રણ કાંડની આકૃતિ દર્શાવવી જોઈએ. એના ઉપર સ્નાત્ર (સ્નાન) માટેની શિલાનો ઘાટ હોવો જોઈએ એને મજ્જનપીઠ કહેવાય. સમવસરણમાં સ્નાત્ર નથી ભણાવવાનું. પં.વીર વિજયજી મ.ના પ્રચલિત સ્નાત્રની પંક્તિ વિચારો. કુસુમાભરણ ઉતારીને, પડિમા ધરીય વિવેક; મજ્જનપીઠે થાપીને, કરીને જળ-અભિષેક... પહેલાં નિર્માલ્ય ઉતારીને વિવેક પૂર્વક પ્રતિમા ગ્રહણ કરવી... ત્યારબાદ મજ્જનપીઠ - સ્નાત્રશિલા - અભિષેક યોગ્ય ગાદી પર સ્થાપીને પછી પાણીનો અભિષેક કરવો. શ્રીપાર્શ્વનાથ પંચ કલ્યાણક પૂજામાં પણ જણાવ્યું છે કે પ્રથમ એક પીઠિકા, ઝગમગે દીપિકા, થાપી પ્રભુ પાસ તે ઉપરે એ... (ઢાળ-૧) ટૂંકમાં કહીએ તો સ્નાત્ર માટે અને નાણ માટે : બંનેના ત્રિગઢાનો ભેદ સમજીને યોગ્ય સુધારો થવો જોઈએ. ભગવાનનો સ્નાત્ર - અભિષેક મેરુ પર્વત પર થાય છે, જ્યારે વ્રત ઉચ્ચારણ - દીક્ષા વગેરે ક્રિયાઓ પ્રભુના સમવસરણમાં થાય છે. તે પ્રમાણે ભેદ સમજી વ્યવસ્થા કરવી જોઈએ. .

(ક્રમશઃ) ધ



## ★ પત્ર પ્રેરણા ★★★

વિહારમાંથી..... વૈ.સુ.૫ (૨૦૭૫)

**આચાર્ય વિજયભવ્યદર્શનસૂરિ તરફથી,** મોક્ષાભિલાષી ભવ્યાત્મા, સુશ્રાવક સંયમકુમાર યોગ્ય ધર્મલાભ... દેવ-ગુરુપસાપે સુખશાતા છે. તારો પત્ર મળ્યો. શબ્દો પરથી તો લાગે છે કે તારા હૈયામાં સુંદર ભાવો ભર્યા છે પરંતુ ગંધાતી ગટર કરતાંય ખરાબ, દોષો - દુર્ગુણોરૂપી કીચ્ચડથી ભરેલા સંસારમાં કેમ રહ્યો છે ? એક ભવના સંબંધમાં આવેલાં માતા-પિતાદિના કારણે જન્મોજન્મના સાથી... ના... ના... શાશ્વત સંબંધી ગુણોનું ગળું શા માટે દબાવે છે ? ગળું દબાવવામાં નિમિત્ત બનનાર, જ્ઞાનીની દૃષ્ટિએ દુશ્મન જેવા, મોહની દૃષ્ટિએ મારાપણાના સંબંધવાળા એવા એક જન્મના માત્ર શરીરથી જોડાયેલા, ભાવોભવના શત્રુ ગણાતા મોહના પાશથી બંધાયેલાં માતા-પિતાદિને વશ થવામાં આત્માનું શું થશે ? તેનો વિચાર ક્યારે કરીશ ?

નામ 'સંયમ' અને સંસારનો પક્ષપાત ? આવું કઈ રીતે ચાલે ? સંયમ નામને સાર્થક કરવા માટે જ માનવનો જન્મ છે; તેમ સમજી મોહ મમત્વને ફગાવી સંયમના જ સાજ સજવા માટે પુરુષાર્થ કરવાનો છે. પુરુષાર્થની ચાર દિશાઓ છે. તેમાંથી અર્થ અને કામ પુરુષાર્થની દિશાઓ તો મહા અનર્થકારી છે. ધર્મ અને મોક્ષપુરુષાર્થ જ સાચી - કલ્યાણકારી દિશાઓ છે.

મોહથી ભરેલાં, સ્વ-પરનું અહિત કરનારાં માતા - પિતાને આધીન નથી બનવાનું. હા, માતા-પિતાનો ઉપકાર ચોક્કસ છે... એ ઉપકારનું ઋણ ચૂકવવા માટે તેમને ધર્મ પમાડવો... તે માટે પોતે ચારિત્રના માર્ગે જવું... અંતે માતા-પિતાને પણ એ જ માર્ગે લાવવા... એમ ઠાણાંગ સૂત્રમાં શ્રી સુધર્મસ્વામી ફરમાવે છે. મોહ એ તો ઝેર છે. ઝેર વ્યાપી ગયા પછી બચવાનું કાર્ય કપરું થઈ જાય છે, તેથી તે ઝેર વ્યાપે તે પહેલાં જ તેનાથી બચી જવાનું છે.

તારે હવે વીટો-પાવરનો ઉપયોગ કરવો જોઈએ. તું જ ઢીલો પડીશ તો કોઈ નહીં ઉગારી શકે. જ્ઞાની ભગવંતો તરવાની રીત બતાવે છે. તરવા માટે હાથ - પગ હલાવવા વગેરે પુરુષાર્થ તો જાતે જ કરવો પડે. મોહના ચશ્મા પહેરીને નહીં; સમ્યગ્જ્ઞાનના ચશ્મા પહેરીને સંસારનાં દર્શન કર. પછી સંસાર મહેલ જેવો નહિ, જેલ જેવો લાગશે. બાગ જેવો નહિ, આગ જેવો લાગશે. લાલ - પીળો નહિ,

કાબરચીતરો (કાળો) લાગશે. મોહક નહિ, મારક લાગશે. અમૃત જેવો નહિ, ઝેર જેવો લાગશે. ભોગ જેવો ગમતો નહિ, રોગ જેવો અણગમતો લાગશે, શુભંકર નહિ, ભયંકર લાગશે. ભવ્ય નહિ, ભયાનક લાગશે. પ્રીતિજનક નહિ, ભીતિજનક લાગશે.

સ્વાર્થના સુંવાળા તાંતણાના સંબંધનો વિશ્વાસ કરવા જેવો નથી. એ તાંતણા કાચા સુતર કરતાંય તકલાદી અને અવિશ્વસનીય હોય છે. સ્વાર્થનું ગણિત ભૌતિક પદાર્થોના આધારે તૈયાર થતું હોય છે. એમાં કમાવાનું કાંઈ જ નહિ ને ગુમાવવાનું ઘણું હોય છે, જે ગુમાવ્યું હશે તે પરત મેળવવા કેટલા ભવ કરવા પડશે, એ કહેવું મુશ્કેલ છે. ગુમાવવામાં ઝાઝો સમય કે ઝાઝો પુરુષાર્થ જરૂરી નથી. મેળવવા - કમાવામાં જ પ્રચંડ પુરુષાર્થ કરવો પડે છે.

અજ્ઞાનતા ગયાબાદ જ્ઞાન આવે છે; પરંતુ જ્ઞાનનેય workless બનાવનાર 'મોહ' છે. આ મોહને ઓળખવામાં અને એના ઉપર વિજય મેળવવામાં ભલ-ભલા ચક્રવર્તીઓ (માનવોમાં સૌથી બળવાન) પણ ફાવી શક્યા નથી. અરે ! ફાવવાની વાત તો જવા દો... તેઓ પણ ફસાઈ જાય છે. આ ફાવવા - ફસાવાનું ગણિત ઘણું અટપટું છે. 'ફસાઈ જવા છતાં હું ફાવી ગયો' એવું એ મોહાધીન જીવને લાગ છે. કન્યા મળી જાય ને લગ્ન થઈ જાય એટલે જીવને એમ લાગે કે હું ફાવી ગયો... પરંતુ હું એક સ્ત્રીના પાશમાં ફસાઈ ગયો, એવું નથી લાગતું... આ પણ મોહરાજાની બિછાવેલી જાળનો જ પ્રભાવ - પ્રતાપ છે. એની જ બલિહારી છે. આ રીતે ભોગની તમામ ભૌતિક સામગ્રી માટે સમજવાનું છે. કોઈ પણ પ્રકારનાં બંધનોનો સ્વીકાર એ ફસામણ છે. વિષયો કષાયો કે સંજ્ઞાઓ.... એ તમામ મોહક બંધનો છે. ફસાવવા માટે મોહરાજાના આજ્ઞાંકિત સેવકોએ બિછાવેલી જાળ છે... આ માનવાનું ભૂલીશ નહિ...

પ્રોગ્રામના કારણે જવાબ લખવામાં વિલંબ થયો છે. આટલી હિતકારી વાતો શાંતિથી લખવા માટે... તને જગાડવા માટે સમય કાઢી પત્ર લખ્યો છે. વધુ હવે તારો પત્ર આવ્યા બાદ... ના... ના... તું જ આવી જાય એટલે રૂબરૂમાં ઘણી વાતો થશે. પત્રમાં કેટલું લખી શકાય ?

ઘર - સંસારનો અને મોહપાશનો શીઘ્ર ત્યાગ કરી મોક્ષના રાજમાર્ગ તરીકે શ્રીતીર્થંકરભગવંતોએ ફરમાવેલ સંયમનો તું જલદી સ્વીકાર કરે, એ ભાવના સાથે...

**દ. આ. વિ. ભવ્યદર્શનસૂરિના ધર્મલાભ...**





**- પૂ.આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા**

દાન એ ધર્મનો એક પ્રકાર છે. દાનની ચૌભંગી બને છે. એમાં કયો ભાંગો શુદ્ધ છે, તે જાણીને દાન ધર્મનું આચરણ કરવું. તો જ એ દાન, દાનધર્મ બને છે. ગમે તે ચીજનું, ગમે ત્યારે, ગમે તેને દાન કરવું, તે ધર્મ બનતો નથી. દાન એવું હોવું જોઈએ કે જેને ધર્મ કહી શકાય અને એનાથી ત્યાગ-ગુણની પુષ્ટિ થાય. માત્ર આપવું કે આપવાની ક્રિયાને દાનધર્મ ન કહેવાય.

સામાન્યથી દાનના ચાર ભાંગા (વિકલ્પો) - પ્રકાર પાડી શકાય છે. ૧. ન્યાયથી ઉત્પન્ન થયેલું (ન્યાય પૂર્વક મેળવેલું) દ્રવ્ય સુપાત્રમાં આપવું. ૨. ન્યાયથી પ્રાપ્ત દ્રવ્ય અપાત્રને આપવું. ૩. અન્યાયથી મેળવેલ દ્રવ્ય સુપાત્રમાં આપવું. અને ૪. અન્યાયથી મેળવેલ દ્રવ્ય અપાત્રમાં આપવું.

આ ચારેને થોડા વિસ્તાર સાથે સમજીએ.

(૧) **ન્યાયસંપન્ન દ્રવ્ય - સુપાત્રમાં દાન :-** આવા દાનથી દેવ અને માનવજન્મ સાથે સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે તથા વ્રતાદિક ગ્રહણ કરી શકાય છે. મતલબ, એ દાન આપનાર; દાનના વિશિષ્ટ પુણ્યથી સમૃદ્ધિની આસક્તિવાળો ન બનતાં તેનો ત્યાગ કરી સર્વવિરતિ આદિનો સ્વીકાર પણ કરી શકે છે. આવા દાનના ફળને ભોગવનાર તરીકે શ્રીધન્નાજી - શાલિભદ્રજી જેવાનાં દ્રષ્ટાંત વિચારી શકાય. તે જીવો વિશિષ્ટ સમૃદ્ધિ પામ્યા.. તેના ત્યાગી પણ થયા... મુક્તિ પ્રાપ્ત કરનારા પણ બન્યા. ચાર વિકલ્પોમાં સૌથી શ્રેષ્ઠ આ વિકલ્પ છે. આવું દાન વાસ્તવિક ધર્મની કેટેગરી (હરોળ) માં આવે છે, માટે જ તેનું ફળ પણ ઊંચું મળે છે.

(૨) **ન્યાયસંપન્ન દ્રવ્ય - અપાત્રમાં દાનઃ** દાનમાં આપવા માટેનું દ્રવ્ય તો ન્યાયથી મેળવેલું - પ્રાપ્ત કરેલું હતું. પરંતુ પાત્ર ઊંચુ ન હતું. અપાત્ર કે કુપાત્ર હતું. કુપાત્રમાં દાન આપવાથી ઊંચું - સંપૂર્ણ ફળ ન મળે. લક્ષભોજી બ્રાહ્મણના જીવનમાં એવું જ બન્યું. એ લક્ષભોજી બ્રાહ્મણે ન્યાયથી ધન મેળવ્યું. એ જ ધનદ્વારા એક લાખ બ્રાહ્મણોને જમાડયા, સાધુ સુપાત્ર ગણાય. જિનમંદિર આદિ ઊંચા ક્ષેત્ર - ઊંચાં પાત્ર ગણાય. બ્રાહ્મણ ઊંચા પાત્ર તરીકે ન ગણાય. લાખ બ્રાહ્મણોને જમાડવાના કારણે તેનું 'લક્ષભોજી' નામ પડી ગયું. એ બ્રાહ્મણ ત્યાંથી મૃત્યું પામી શ્વેતવર્ણવાળો શ્રેષ્ઠ હાથી થયો. ત્યાંથી મરીને નરકે ગયો !

બીજી તરફ લક્ષભોજીએ જે બ્રાહ્મણોને જમાડ્યા, તેની રસોઈ સાચવનાર વ્યક્તિએ રસોઈ સાચવવાના યોગે તથા જે રસોઈ (લાખ બ્રાહ્મણોને જમાડ્યા પછી) વધી તે રસોઈ સારા - ઉત્તમ તપસ્વી મુનિવરોને વહોરાવી એટલે કે સુપાત્ર દાન કર્યું તથા વ્રતધારી શ્રાવકોને એ રસોઈથી જમાડ્યા. એના દ્વારા ઘણું પુણ્ય ઉપાર્જન કર્યું. પરિણામે શ્રેણિક મહારાજાના ગૃહે 'નંદીષેણ' નામનો પુત્ર થયો. સુપાત્ર-સુવર્ણપાત્ર (સાધુ) અને રજતપાત્ર (વ્રતધારી શ્રવકો) ને દાન કરવાના પ્રભાવે ઘણી રિદ્ધિ - સિદ્ધિ પ્રાપ્ત કરનારો, ભોગવનારો તથા ૫૦૦ કન્યાઓ સાથે પાણિગ્રહણ કરનારો - સુખ સંપત્તિ પ્રાપ્ત કરનારો થયો. સેચનક હાથીને શ્રેણિકરાજાએ પકડીને મંગાવ્યો. નંદીષેણને જોતાં તે હાથીને જાતિસ્મરણ જ્ઞાન (પૂર્વભવનું સ્મરણ) થયું. પોતાના પૂર્વભવને જાણતાંની સાથે નંદીષેણની સ્થિતિ જોતાં પશ્ચાત્તાપ થયો. અંતે મરીને (લક્ષભોજી બ્રાહ્મણનો જીવ) નરકમાં ગયો. બીજી તરફ નંદીષેણનો જીવ ઉત્તમગતિને પ્રાપ્તિ કરનારો બન્યો. સાર એટલો જ આવ્યો કે - પાત્ર ગમે તેવું ન ચાલે. દ્રવ્ય પણ ગમે તેવું ન ચાલે. લક્ષભોજી બ્રાહ્મણના જીવ પાસે ન્યાયસંપન્ન દ્રવ્ય હોવા છતાં સુપાત્રમાં દાન ન થવાથી કેવી ગતિ મળી ? જ્યારે માલિકી ન હોવા છતાં માત્ર સાચવવાની ક્રિયા કરવાથી, વધેલું દ્રવ્ય સુવર્ણપાત્ર - રજતપાત્રમાં આપવા માત્રથી નંદીષેણ કેવી ઉત્તમગતિ ગામી બન્યા ?

(૩) **દ્રવ્ય અન્યાયનું, પાત્ર સુપાત્ર :** અન્યાયથી, અધર્મથી (અનીતિ વગેરે પાપ કરીને મેળવેલું દ્રવ્ય હોય... પરંતુ પાત્ર ઉત્તમ હોય, સુપાત્ર હોય... તો મહાન ફળ મળે છે. શાસ્ત્રકાર ભગવંત જણાવે છે કે - શેલડીનું બીજ નષ્ટ થઈ જાય ત્યારે કાશનું બીજ વાવવાથી પણ શેલડી થાય છે, માટે અહીં પાત્ર દાનની મુખ્યતા ગણવામાં આવે છે. સુપાત્રમાં દાન આપવાથી; દાન આપનારાના ચાર ગતિના પરિભ્રમણનો અંત આવી જાય છે.

ગાયને સૂકું-લીલું ઘાસ આપવા છતાં તે દૂધ આપે છે. આ પાત્રનો પ્રભાવ છે. દ્રવ્ય ગૌણ છે. તે જ રીતે જુઓ એ જ ગાયનું દૂધ સર્પના મુખમાં જતાં જ તે ઝેર બની જાય છે. જ્યારે સ્વાતિ નક્ષત્રમાં વરસાદનું પાણી જો છીંપમાં પડે તો ઉત્તમ મોતી પાકે છે, સર્પના મુખમાં પડે તો વિષ થઈ જાય છે ! આ બધાં દ્રષ્ટાંતોમાં જુઓ તો પાત્રનો જ પ્રભાવ છે. પાત્ર સારું તો ફળ સારું... પાત્ર ખરાબ તો ફળ ખરાબ !

અહીં વિમળશા નામના વણિકનું દૃષ્ટાંત આપે છે. તે વિમળશા પાસે ન્યાયથી પ્રાપ્ત દ્રવ્ય નહોતું... પરંતુ તે દ્રવ્ય જિનાલય બાંધવામાં વપરાયું તો સદ્‌ગતિગામી થયો. તાત્પર્ય તો એ આવ્યું કે - ભલે અજ્ઞાનતાદિના યોગે, લોભાદિ વશ થઈ અન્યાય



- અનીતિ કે જૂઠ આદિના પ્રયોગથી દ્રવ્ય ઉપાર્જ્યું હોય... પરંતુ તેને સારા માર્ગ - શુભ કાર્યમાં ન વાપરે અથવા પાપકાર્યમાં વાપરે તો દુર્ગતિ થાય છે. કૃપણતા કરે કે કુમાર્ગે વાપરે તો આ લોકમાં અપકીર્તિ થાય છે. કૃપણતા ય દોષ છે અને કુમાર્ગે વાપરવું તે પણ દોષ છે. આ જ કારણે મમ્મણ શેઠ, નવ નંદરાજા, સાગરશેઠ, વગેરે આત્માઓ દુર્ગતિના અતિથિ બન્યા ! આ બધો વિચાર કરી; ન્યાયથી દ્રવ્ય મેળવી સુપાત્રમાં જ દાન કરવું જોઈએ. અન્યાયથી મેળવી લીધું હોય કે મળી ગયું હોય તોય સુપાત્રમાં - શુભક્ષેત્રમાં તેનો ઉપયોગ કરવો જોઈએ (અલબત્ત, ભવિષ્યમાં અનીતિ નહીં કરું એવા શુભ સંકલ્પ સાથે) પરંતુ કુપાત્રમાં - પાપનાં ક્ષેત્રોમાં તેનો ઉપયોગ ન જ કરવો જોઈએ. (ક્રમશઃ) ધ

## ★ અનુમોદનાનો અમૃતથાળ ★★★

**- સંકલન**

ચાતુર્માસ પ્રવેશના દિવસે ગુરુપૂજનનો તથા કામળી વહોરાવવાનો લાભ; શ્રીસમ્યગ્જ્ઞાનશિબિર પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી જ્યોતીન્દ્રભાઈ જેઠાલાલ શાહ - અમદાવાદવાળા તથા એ જ ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી ચંપકલાલ હીરાલાલ શાહ અમદાવાદવાળાએ ચાતુર્માસ પ્લેટિનમદાતામાં પોતાનું નામ નોંધાવ્યું હતું. પ્રવેશપર ઘણાં ગામ-નગરોમાંથી ભાગ્યશાળીઓ આવ્યા હતા.

ચોમાસી ચૌદસે 'શ્રાદ્ધવિધિ' ગ્રંથ વહોરાવવા વગેરેના ચઢાવા બોલાયા. તેના લાભાર્થી નીચે મુજબ હતા. ગ્રંથવહોરાવવાનો તથા સકલસંઘને સંભળાવવાની વિનંતિ કરવાનો લાભ દિનેશભાઈ કાળીદાસ નગરિયા. ગ્રંથને વધાવવાનો લાભ શ્રીવિમલ જિનેન્દ્ર સામાયિક મંડળે લીધેલ. પ્રથમ જ્ઞાનપૂજાઃ અશોકભાઈ દેવચંદ સાવલા. બીજી જ્ઞાનપૂજા : ગીતાબેન નવિનભાઈ શાહ. ત્રીજી જ્ઞાન પૂજા : શ્રીમતી સુગનીબાઈ મંગલચંદજી. ચોથી જ્ઞાન પૂજા : લબ્ધિ જ્વેલર્સ. પાંચમી પૂજા : અ.સૌ. તારાબેન મદનલાલજી. અષ્ટપ્રકારી પૂજાઃ સાંકળચંદજી મહેન્દ્રકુમારજી પટવારી પરિવાર. ગુરુપૂજનના લાભાર્થી શ્રીમતી સુગનીબા મંગલચંદજી બન્યા હતાં. પર્યુષણસુધીના તપસ્વીઓ તથા વિધવિધ લાભાર્થીઓના બહુમાનનો ચઢાવો બોલાયો. તેના લાભ શ્રીમતી જીવીબેન કાળીદાસ નગરિયા પરિવારે લીધો હતો.

શ્રા.સુ.૧૧ તા.૧૧-૮-૧૯ રવિવારેઃ શ્રી અંતરીક્ષપાર્શ્વનાથ તીર્થના ૨૦-૮-૧૯ ના રોજ આવનાર કોર્ટનાં ચુકાદાને ધ્યાનમાં રાખી જાપ-અનુષ્ઠાન કરાવેલ, તેમાં અખંડ અભિષેક બપોરે ૨-૦૦ કલાકે રાખેલ. તેનો લાભ રાજેન્દ્ર હાર્ડવેર, હરીશભાઈએ બોલી દ્વારા લીધેલ.

શ્રા.સુ.૧૨ તા.૧૨-૮-૧૯ સોમવારે બકરી ઈદ નિમિત્તે પ્રેરણા કરતાં સંઘમાં પ્રથમવાર ૧૦૯ આયંબિલ થયાં ! સૌને ૧૬૦ રૂ. તથા ૨૦૦ ગ્રામ સાકરની પ્રભાવના કરાઈ !

સમૂહ અદુ:ખદર્શીતપનો પ્રારંભ અષાઢ વદ દ્વિતીય બીજથી થયો. તેમાં બાવન ભાગ્યશાળી જોડાયા. એક ટાઈમના બિયાસણાં સંઘમાં કરાવાયાં. તેનો લાભ લેનાર પુષ્યશાળીઓની યાદી - ૧. અમેરિકન ગારમેન્ટ્સ ૨. સાંકળચંદજી મહેન્દ્રકુમારજી પટવારી પરિવાર ૩. પ્રેમચંદ કાળીદાસ નગરિયા પરિવાર હ. કેતન, દીપક, હિતેશ ૪. ઝવેરીલાલ કિશોરકુમાર ભુરટ પરિવાર ૫.ગં.સ્વ. ગંગાબેન કેશવજી કરણિયા પરિવાર ૬. સાધર્મિક બહેનો ૭. કાંતીલાલ વીરચંદજી, ભંડીર તથા જિતેન્દ્રકુમાર લલિતકુમાર ગિરિયા ૮. ભાગ્યવંતીબેન ઝવેરચંદજી, તારાબેન મદનલાલજી, વિમળાબેન સુભાષજી ૯. સાંકળચંદજી રાજેન્દ્રકુમારજી, હર્ષિતકુમાર પટવારી પરિવાર ૧૦. ભારતીબેન વોરા, જ્યોતિબેન વોરા, મધુબેન છાજેડ ૧૧. કંકુબેન રામજી, લક્ષ્મીબેન વિચ્છીવોરા, બનારસીબેન કોઠારી ૧૨. શ્રીમતી કાંતાબેન ધીરજલાલ મહેતા પરિવાર, હસમુખભાઈ દેવચંદ કામાણી પરિવાર ૧૩. હર્ષાબેન, મીનાબેન, પૂર્વીબેન, આદિ ગ્રુપ ૧૪. નેમિચંદજી સરેમલજી બોહરા ૧૬. ધર્મેશભાઈ દિનેશચન્દ્ર વોરા પરિવાર.

પૂ.આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા તથા પૂ.સાધ્વીજીશ્રી ભદ્રિકાશ્રીજી મ.ની નિશ્રામાં ચાતુર્માસની આરાધના આગળ વધી રહી છે. બેંગ્લોર રાજાજીનગર ઈન્ડસ્ટ્રીયલ ટાઉન(બસવેશ્વરનગર)માં થતી આરાધના - પ્રવચનાદિની હવા સમગ્ર બેંગલોરમાં પ્રસરી ગઈ છે. કર્ણાટકમાં અને મહારાષ્ટ્રમાં (પૂનાસુધી) પ્રવચનોનાં વખાણ થઈ રહ્યાં છે.

જોતજોતામાં તો પર્વાધિરાજની પાવન પધરામણી થઈ ગઈ.

વિવિધ આરાધના, ગુણાનુવાદ, વ્યાખ્યાન, તપશ્ચર્યા, દેવદ્રવ્યાધિની ઊપજ વગેરે તમામ બાબતોમાં રેકોર્ડ તૂટી ગયા છે ! પાંચ વર્ષ સુધી બેંગ્લોરમાં જ રહેવાની વિનંતિ બેંગ્લોર વાસીઓ કરી રહ્યા છે. અલબત્ત, હજી પ્રોગ્રામ નક્કી થયેલ નથી. લાભાલાભ અને અનુકૂળતા મુજબ આયોજન કરવામાં આવશે.

પર્વાધિરાજની આરાધનામાં સમજાવીને કરાવેલું પ્રતિક્રમણ તો શિરમોર થયું. આ પ્રદેશમાં આવું પ્રતિક્રમણ થયું નથી. તેથી સૌને જીવનમાં પ્રથમવાર પ્રતિક્રમણ કર્યાનો અહેસાસ થયો. સુ.૫.ના દ્વારોદ્ઘાટનનો ચઢાવો પણ રેકોર્ડ થયો. રાજાજીનગરમાં વસતા બાદલબેન ઘીસુલાલજી પરિવારે એ સુકૃત કર્યું. જિનાલયનાં



ઉપકરણો, અષ્ટપ્રકારી પૂજાની સામગ્રીના વિવિધથાળ અને વિશિષ્ટ મોદક બનાવીને લાવ્યા હતા. આ પરિવાર પણ ભાવિક છે. અહીંના સંઘમાં બે વાર શાશ્વતીઓળી પણ કરાવેલ છે. ઘણા જિનાલયોમાં સોનાની આંગી બનાવીને આપેલ છે !

ભા.સુ.૮ ના ગણધર દેવવંદન થયાં. એમાંય લગભગ ૧૦૦ ઉપર સંખ્યા હતી ! દરેકને મીઠાઈની પ્રભાવના અપાઈ. ભા.સુ.૯ ના પ્રવચન થયું. ભા.સુ.૧૦ તા.૮-૯-૧૧ રવિવારે પાંચ જિનાલયોની ચૈત્યપરિપાટી થઈ . (રાજાજીનગરનાં બે જિનાલયો, ઓકલીપુરમ્નું જિનાલય, શ્રીરામપુરમ્નું જિનાલય અને અહીંનું (વિમનલાલ જિનાલય) - આમ પાંચ જિનાલયો. ત્યારબાદ ઘરમાં થયેલ ત્રણ તપશ્ચર્યા (સૌ.હેમલતાબેન દિનેશભાઈ, અમિતભાઈ દિનેશભાઈ, સૌ.અવનિબેન અમિતભાઈની અટ્ઠાઈ) નિમિત્તે બધા ભાગ્યશાળીઓની નવકારશીથી ભક્તિ કરાવાઈ. ચૈત્યપરિપાટીમાં ૨૦૦ ભાવિકો જોડાયા હતા. લગભગ આવવા - જવાના મળી ૮ કિ.મી. લાંબી ચૈત્યપરિપાટી હતી.

**પૂ.આ.શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા તથા પૂ.સા.શ્રી ભદ્રિકાશ્રીજી મ.ના વિ.સં. ૨૦૭૫ - ૭૬ નાં ચોમાસામાં લાભ લેનાર પુણ્યશાળીઓ.**

**પ્લેટિનમ દાતા**

(૧) શ્રી કમલ સીરામીક (૨) એક સાધર્મિક શ્રાવક (૩) શ્રી બદામીબેન સાકળચંદજી પટવારી પરિવાર (૪) શ્રી અંજનાબેન ચંપકલાલ શાહ, અમદાવાદ. (૫) શ્રી ઝવેરીલાલ કિશોરકુમાર ભુરટ પરિવાર (૬) શ્રી મોતીબેન ઝવેરચંદ નથુભાઈ ગલૈયા પરિવાર (૭) શ્રી પુષ્પાબેન ભરતભાઈ સંઘવી પરિવાર

**ડાયમંડ દાતા**

(૧) શ્રી જયંતીલાલ મગનલાલ મહેતા પરિવાર (૨) શ્રી ભરત પ્લાસ્ટિક (૩) શ્રી મુક્તાબેન દેવચંદ જેસંગ સાવલા પરિવાર

**સુવર્ણદાતા**

(૧) શ્રી નેમિચંદજી સરેમલજી બોહરા પરિવાર (૨) શ્રી નિર્મળાબેન રજનીકાંત ફોફરિયા પરિવાર (૩) શ્રી દેવાંગીબેન વિજયભાઈ દલીચંદભાઈ દોશી પરિવાર (૪) શ્રી પૂર્વીબેન પીયૂષભાઈ સંઘવી પરિવાર (૫) શ્રી હીરજી મુળજી સુમરિયા અને શ્રી રતિલાલ વીરપાર ગડા (૬) શ્રી બાબુલાલ હીરાલાલ એન્ડ કંપની (૭) શ્રી બાઉન્ડ્સ ગ્રીન સત્સંગ મંડળ, લંડન

**રજત દાતા**

(૧) શ્રી હસમુખ દેવચંદ કામાણી પરિવાર (૨) શ્રી જડાવીબેન મિશ્રીમલજી ભંડારી પરિવાર (૩) શ્રી લક્ષ્મીબેન મદનલાલ વિચ્છીવોરા પરિવાર (૪) શ્રી ચંદાબેન પ્રકાશચંદજી ખાબિયા પરિવાર (૫) શ્રી વિમલ જિનેન્દ્ર સામાયિક મંડળની બહેનો (૬) શ્રી કંકુબેન રામજી લાલજી ખીમશીયા પરિવાર (૭) શ્રી રતનબેન વેલજી જાખરિયા પરિવાર (૮) શ્રી ધર્મેશભાઈ દિનેશચંદ્ર વોરા પરિવાર (૯) શ્રી સંગીતાબેન લલિતકુમાર ગિરિયા પરિવાર (૧૦) શ્રી માતા મેડિકલ (શ્રી કાંતીલાલજી વીરચંદજી ભંડારી પરિવાર) (૧૧) શ્રી ગં.સ્વ. ગંગાબેન કેશવજી કરણિયા પરિવાર (૧૨) શ્રી રાજેશકુમાર બાબુલાલ બાગરેયા પરિવાર (૧૩) શ્રી નરેન્દ્રકુમાર નેમચંદ શાહ પરિવાર, અમદાવાદ (૧૪) શ્રી લબ્ધિજ્વેલર્સ (૧૫) શ્રી સોભાગચંદ ખેતશી હરણિયા પરિવાર (૧૬)શ્રી ભૂપેન્દ્રભાઈ શાંતિલાલ અજમેરા, હઃ ચારુલતાબેન (૧૭) શ્રી હરીશભાઈ (શ્રી સુરેશભાઈ અજમેરાનો સ્ટાફ) (૧૮) શ્રી ચુનીલાલજી મૂલચંદજી જૈન પરિવાર (૧૯) શ્રી એક સાધર્મિક શ્રાવક (૨૦) શ્રી જીવીબેન કાલીદાસ નગરિયા પરિવાર (૨૧) શ્રી સુગનીભાઈ મંગલચંદજી હ.દિલીપભાઈ (૨૨) શ્રી મંજરીબેન પ્રવીણભાઈ મહેતા પરિવાર (૨૩) એક સાધર્મિક શ્રાવિકા (૨૪) શ્રી કસ્તૂરબેન અમૃતલાલ ગડા પરિવાર હ.રમેશભાઈ, પ્રવીણભાઈ, કિશોરભાઈ (૨૫) શ્રી સંગીતાબેન રમેશચંદ્ર સોલંકી પરિવાર (૨૬) શ્રી ભારતીબેન હર્ષદરાય મહેતા પરિવાર (૨૭) કુ.પ્રવી-કૌશલબેન જયમીનભઈ ઠક્કર (૨૮) શ્રી માયાબેન મનસુખલાલ સંઘવી અને શ્રીમતી ભારતીબેન નવીનભાઈ વોરા (૨૯) શ્રી પ્રવીણાબેન કિશોર હેમરાજ હરણિયા પરિવાર (૩૦) શ્રી મમતાબેન અશોકજી સાલેચા હ. પૂજા - મનીષ, સ્વપ્ના, પૂજા, પિયાન (૩૧) શ્રી પુષ્પાબેન સુરેન્દ્રકુમારજી નાહર અને શ્રીમતી અરૂણાબેન ગુલાબચંદ મારૂ (૩૨) એક સાધર્મિક શ્રાવિકા (૩૩) શ્રી અરૂણાબેન મોહનલાલ વીરપાર સાવલા પરિવાર (૩૪) એક સાધર્મિક શ્રાવક (૩૫) એક સાધર્મિક શ્રાવક (૩૬) શ્રી દેમતબેન લખમશી મૂળજી દોઢિયા પરિવાર (૩૭)શ્રી અમૃતબેન દેપાર કાનજી હરિયા પરિવાર (૩૮) શ્રી રાજેન્દ્ર હાર્ડવેર (૩૯) શ્રી સાધર્મિક બહેનો (૪૦) શ્રી દેવીબેન વીરા મારૂ હઃ અમૃતલાલ વી. મારૂ (૪૧) શ્રી કંચનબેન ચુનીલાલ નરશી ગોસરાણી પરિવાર (૪૨) શ્રી મંજુલાબેન અમૃતલાલ રામજી સુમરિયા પરિવાર (૪૩) શ્રી અમૃતબેન પ્રેમચંદ દેવશી વોરા પરિવાર (૪૪) શ્રી મહેશ ખેતશી ગોસરાણી, કનસુમરા, લંડન

**પર્વાધિરાજના પાવન દિવસોમાં દાનના સદ્વ્યયદ્વારા સુકૃત સહભાગી થનાર**



**પુણ્યાત્માઓની ટૂંકી યાદી.**

- શ્રી કલ્પસૂત્ર ઘરે લઈ જવા તથા વહોરાવવાનું સુકૃત કરનાર : દિનેશભાઈ કાળીદાસ નગરિયા પરિવાર
- ગુરુપૂજનનું સુકૃત કરનાર : રોહિતભાઈ દેવચંદ સાવલા પરિવાર
- પ્રભુજીનું પારણું ઘરે લઈ જનાર ભાગ્યશાળીઃ શ્રીમતી મુક્તાબેન દેવચંદ સાવલા પરિવાર
- જન્મવાચનના દિવસે સંઘ સાધર્મિકવાત્સલ્યના લાભાર્થી ૧. સૌ. નિર્મળાબેન રજનીભાઈ ફોફરિયા. ૨. સૌ. શીતલબેન સચિનભાઈ શાહ ૩. સૌ. વર્ષાબેન સુરેશભાઈ અજમેરા ૪. એક સાધર્મિક શ્રાવિકા.
- બારસાસૂત્ર ઘરે લઈ જવાનું તથા વહોરાવવાનું સુકૃત કરનાર : સૌ હેમલતાબેન દિનેશભાઈ નગરિયા પરિવાર
- ગુરુપૂજન : શ્રીમતી જીવીબેન કાલીદાસ નગરિયા પરિવાર
- સુ.૫ ના દ્વારોદ્‌ઘાટન કરવાના લાભાર્થીઃ સૌ. બાદલબેન ધીસુલાલજી મુટલિયા (ગોલ્ડન જ્વેલર્સ)
- તપસ્વીઓનાં પારણાં કરાવવાના લાભાર્થીઃ ૧. સૌ. ચંદ્રાબેન પ્રકાશચંદજી ૨. ઝવેરીલાલ કિશોરકુમાર ભુરટ પરિવાર ૩. શ્રીમતી હેમલતાબેન હરખચંદજી હરિયા ૪. શ્રીમતી મુક્તાબેન દેવચંદ સાવલા પરિવાર
- ભા.સુ.૫ ના સવારે પારણાં બાદ રથયાત્રાનો ભવ્ય વરઘોડોનીકળ્યો. બપોરે ૧૨-૦૦ કલાકે સંઘ તરફથી (સામુદાયિકટીપ) સંઘસાધર્મિકવાત્સલ્ય બોસાડીને કરાવેલ.
- કા.વ.૫ ના વિમલનાથ જિનાલયની સાલગીરા પર ધ્વજા ચઢાવવાના લાભાર્થીઃ સરોજબેન જિતેન્દ્રભાઈ સોની હ. શુભ-નેમિ હર્ષીલભાઈ
- સંવત્સરીના દિવસે મહાપૂજા (આંગી + જિનાલય શણગાર) ના લાબાર્થીઃ કાંતાબેન ધીરજલાલ મહેતા પરિવાર.
- પ્રભુજીને આઠે દિવસ આંગી - ડેકોરેશન (સમૂહ ટીપમાંથી) ની જવાબદારી શ્રીવિમલજિનેન્દ્ર યુવા મંડળના સભ્યોએ સંભાળી હતી.
- ભા.સુ.૧૦ રવિવારના દિવસે પાંચ જિનાલયોની ચૈત્યપરિપાટી નીકળી હતી. જેમાં ૨૦૦ થી વધુ સંખ્યા હતી ! ત્યારબાદ નવકારશીથી ભક્તિ શ્રીમતી જીવીબેન કાલીદાસ નગરિયા પરિવાર તરફથી થયેલ.

ભા.વ.૧ તા.૧૫-૯-૧૯ થી જિનભક્તિ મહોત્સવનું આયોજન થશે. ધ

# દુર્જન - કોલસો

**दुर्जनेन समं सख्यं, प्रीतिं चापि न कारयेत् ।**

**उष्णो दहति चाङ्गारः, शीतः कृष्णायते करम् ।।**

કોલસા જેવા દુર્જન સાથે ક્યારેય મૈત્રી કે પ્રીતિ ન કરવી. (કારણ,) કોલસો જેમ દેવતાના રૂપમાં હોય તો બાળે છે અને ઠંડો હોય તો હાથ કાળા કરે છે !